# મેમોરેન્ડમ ઓફ એસોસીએશન

(૧) સંસ્થાનું નામ : સનત મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ

(૨) સંસ્થાનું સરનામું : ૪, સાબર કોમ્પ્લેક્ષ, ગાંધી કોમ્યુનીટી હોલની સામે, જુહાપુરા, સરખેજ રોડ, સરખેજ,અમદાવાદ.–૩૮૦૦૫૫.

(૩) કાર્યક્ષેત્ર : સમસ્ત ગુજરાત તથા ભારત દેશ રહેશે.

(૪) ઉદ્દેશ :– આ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબના રહેશે.

૧) આ સંસ્થાના તમામ ભારતવાસીઓના કલ્યાણ અર્થે રહેશે અને નાત, જાત, ધર્મ કે ભેદભાવ વગર હેતુઓ બર લાવવા કાર્ય કરશે.

૨) તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવી જેવી કે બાલવાડી, પ્રાથમિક શાળા,માધ્યમિક શાળા ઉચ્ચતર માધ્યમિક શાળા, ઈજનેરી કોલેજ, ફાર્મેસી કોલેજ, મેડીકલ કોલેજ, આશ્રમ શાળા, કોલેજો, પ્રૌઢશિક્ષણના વર્ગો, ટેકનીકલ શાળા, ટાઈપવર્ગો, સ્ટેનો, કોમ્પ્યુટર વર્ગો, શિવણ ભરતગુથણનાં વર્ગો ચલાવવા અને નિભાવવા. ગવમેન્ટનો પ્રોજેકટ લેવા અને તે અંગેની કાર્યવાહી કરવી. જયોતીષ વિદ્યાલયનું જ્ઞાન આપવું. વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર શિક્ષણના વર્ગો, સીવણકલાસ, ટાઈપકલાસ, સ્થાપવા ચલાવવા, નિભાવવા.

૩) બાળ કલ્યાણ પ્રવત્તિઓ , યુવક કલ્યાણ પ્રવત્તિઓ, સ્ત્રી કલ્યાણ પ્રવત્તિઓ, વદ્ધા કલ્યાણ પ્રવત્તિઓ, મજુર કલ્યાણ પ્રવત્તિઓ, અપંગ કલ્યાણ પ્રવત્તિઓ, અપંગ માનસીક ક્ષતિયોવાળાઓ માટેની કલ્યાણ પ્રવત્તિઓ તેમજ સંશોધનને લગતી પ્રવત્તિઓ હાથ ધરશે.

૪) રાજય સરકારશ્રી તરફથી, નગરપાલીકામાંથી મળતા પ્રોજેકટ મેળવી ટ્રસ્ટની વિકાસની પ્રવત્તિ હાથ ધરશે તેમજ જરૂરી સલાહ આપશે.

૫) ગહ ઉદ્યોગ કુટિર ઉદ્યોગના ક્ષેત્રમાં આવતી શિક્ષણ, પ્રચાર પ્રસાર તેમજ સંશોધનની સમગ્ર પ્રવૃત્તિના વિકાસને સંબંધિત સેવાકાર્યો કરશે. રંગકામ, છાપકામ, ધોલાઈકામ, કાંતણકેન્દ્રો, ચંબર કેન્દ્રો ,ચર્મ ઉદ્યોગ, વણાટ કેન્દ્ર સ્થાપવા ચલાવવા અને નીભાવવા તેમજ તેના કેન્દ્રોમાં તાલીમ આપવી.

૬) ગુજરાત સરકારના વિકાસલક્ષી અને કલ્યાણકારી કાર્યો ને લોકો સુધી પહોંચાડવાનું કામ કરશે અને મ્યુનિસીપલ કોર્પોરેશનમાંથી મળતા તમામ પ્રોજેકટો ઉપર કામગીરી કરશે. જેમાં મેનહોલની કામગીરી, ડોર ટુ ડોર કચરા નિકાલ કામગીરી, રોડ રસ્તા સફાઈ કામગીરી વિગેરે કોર્પો મળતા પ્રોજેકટો ઉપર કામગીરી કરશે.

૭) સરકારી, અર્ધ–સરકારી, રાજય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા મળતા તમામ પ્રકારનાં પ્રોજકટો મેળવી કામગીરી હાથ ધરશે.

૮) અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, આશ્રમ શાળા, આશ્રમ ખોલવા,નિભાવવા. તમામ પ્રકારની શૈક્ષણિક હેતુ ધરાવતી સંસ્થા શરૂ કરી શકશે તેમજ નિભાવી શકશે.

૧. ______ ૨. ______ ૩. ______

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

## (બ) સામાજીક હેતુઓ:

૧) કોઈપણ જાતનાં જ્ઞાતિ ધર્મ, વર્ણ વગેરેનાં ભેદભાવ રાખ્યા સિવાય ટ્રસ્ટનાં કાર્યક્ષેત્રમાં આવતાં લોકોને સામાજિક ન્યાય કાયદાની મર્યાદામાં રહીને મળી રહે તેવાં પ્રયત્નો કરશે. તેમજ સામાજીક ક્ષેત્રે પડતી તકલીફો અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરશે.

૨) સમાજમાં રહેલી બદીઓ તેમજ કુરીવાજોને દુર કરવા અને તે અંગે સામાજિક ન્યાય મળે તેવા પ્રયત્નો કરશે, કરાવશે તેમજ લોકોનું આર્થિક સ્તર ઉંચુ આવે અને તમામ વર્ગ આર્થિક રીતે સધ્ધર બને તેવા પ્રયત્નો કરશે.

૩) કુદરતી સંકટ જેવા કે આગ, અતિવષ્ટિ, અનાવષ્ટિ, ભુકંપ, દુષ્કાળ, વગેરે સમયે ભોગ બનેલ વ્યકિતઓને મદદરુપ થવું તેમજ તેવા સમયે જરુરીયાત વાળી વ્યકિતઓને અનાજ, કપડા તેમજ અન્ય સહાય કરી શકશે.

૪) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, જેવા કુદરતી સંકટ સમયે પશુઓને ઘાસ–ચારો તેમજ ખોરાક પુરો પાડવો. ટ્રસ્ટની મર્યાદામાં રહીને અબોલ પશુઓ જેમ કે ગાય, ભેંસ વગેરે માટે ઘાસચારો, ખાણ, દવા તથા કેમ્પો વગેરેની વ્યવસ્થા કરવી.

૫) સામાજીક પ્રસંગોની ઉજવણીમાં ઉપયોગમાં લઈ શકાય તે માટે કાયમી ધોરણે વાડી જેવી સંસ્થા ઉભી કરવી.

૬) સમુહ લગ્નોનું આયોજન કરવું. પસંદગી મેડાવળા યોજવા તેમજ આર્ય સમાજની જેમ ઓછા ખર્ચમાં લગ્ન વિધી થાય તેવા પ્રયત્નો કરશે કરાવશે તથા તેની આનુસંગીક પવત્તિઓ કરશે.

૭) આરામ ગૃહ, ધર્મશાળાઓ, કુવા હવાડા, પાણીની પરબો વગેરે બાંધવા.

૮) સામાજીક ઉત્કર્ષ માટે માર્ગદર્શન આપવું, સમારંભો યોજવા, ધ્યાનકેન્દ્રો સ્થાપવા, ચલાવવા તેમજ નિભાવવા.

૯) સદરહું સંસ્થા દ્વારા સામાજિક પ્રવત્તિ એટલે કે અંતીમ સંસ્કાર વખતે પડતી તકલીફોનું નિવારણ કરવામાં આવશે.

૧૦) સદરહુ સંસ્થા દ્વારા સામાજિક પ્રવત્તિ એટલે કે અંતીમ સંસ્કાર વખતે પડતી તકલીફોનું નિવારણ કરવામાં આવશે તેમજ ધાર્મિક તીર્થસ્થાનો પર પગપાળા જતા સંઘોને તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડશે.

૧૨) વૃધ્ધા–આશ્રમ શરૂ કરી શકશે, નિભાવી શકશે.

૧ ........ ૨ ........ ૩ ........

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

## (ક) આરોગ્ય વિષયક હેતુઓ:

સમાજના દરેક વર્ગનાં લોકોને દાકતરી તેમજ વૈદકીય સહાય મળી રહે તે હેતુથી વૈદકીય સારવાર માટે અસ્તિત્વમાં રહેલ વિવિધ પધ્ધતિનું ચલન કરવાના અભિગમ અપનાવવા સમજાવવું.

૧) આરોગ્ય નિદાન કેમ્પો ગોઠવવા રકતદાનની પ્રવત્તિઓ હાથ ધરવી. રાહત દરે મેડીકલ ટ્રીટમેન્ટ તેમજ દવા મળી રહે તેવી વ્યવસ્થા કરવી તેમજ પોલીયો નાબુદી માટેના અભિયાન ચલાવશે.

૨) જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે સમાજનાં લોકો માટે દવાખાનાઓ, હોસ્પીટલો, નર્સીંગ હોમ, કન્સલ્ટીંગ રુમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટરો વગેરે સ્થાપવાલ ચલાવવા અને નિભાવવા કે આવી સુવિધાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવું. લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી. અસાધ્ય રોગો જેવા કે એચ.આઈ.વી., એઈડ્સ, ડાયાબીટીશ, કેન્સર, હૃદયરોગ વિશે લોકોને માહીતગાર કરશે તથા ઉપચાર માટેનાં પ્રયત્નો કરશે.

૩) પશુઓની રોગ મુકિત માટેનો ઉપાયો કરવા અને કોઈપણ રોગ માટે તાત્કાલીક ઉપચાર મળી રહે તેવી પ્રવતિ કરવી તથા પશુ દવાખાના સ્થાપવા.

૪) તબીબી સારવાર અને સ્વચ્છતા તેમજ રોગ પ્રત્યે જાગતિ માટેની પ્રવતિ કરવી. હેલ્થ અંગેના સામાયીકો, પુસ્તકો, અને સંશોધન પત્રો બહાર પાડી શકશે.

## (ડ) ગ્રામીણ વિકાસ અંગેના હેતુઓ:

૧) ગ્રામ્ય એકતા માટે ધર્મ, જાતિ કે જ્ઞાતિનાં ભેદભાવ વગર મંડળો બનાવી સંગઠન માટે કાર્ય કરવું.

૨) ગ્રામ્ય વિકાસ અને કૃષિ તેમજ આર્થિક પછાત વર્ગને મદદ અને તાલીમના વર્ગોનું સંચાલન કરવુ તેમજ માર્ગદર્શન આપવું.

૩) ગ્રામ્ય ઉત્કર્ષ માટે ગ્રામોદ્યોગ, લઘુઉદ્યોગ અને કુટિર ઉદ્યોગ સ્થાપવા, ચલાવવા તેમજ નિભાવવા અને આ અંગે માર્ગદર્શન આપવું.

૪) યુવકોને તાલીમ આપવી યુવકોના વિકાસ અંગેનું સાહિત્ય તૈયાર કરી લોકોમાં વહેંચી અને લોક જાગતિનું કાર્ય કરવુ

૫) ઉપરોકત પ્રવતિઓ ચલાવતી સંસ્થાઓને મદદ કરવી.

૬) ઉપરોકત પ્રવતિઓ બર લાવવા તેને આનષાંગિક તમામ પ્રવતિ હાથ ધરી શકશે.

૭) પશુઓ તથા પશુઓની સારી ઓલાદ માટે ઉછેર, તથા અન્ય કાર્યો કરવા.

૮) આ સંસ્થા સરકારી તથા અર્ધસરકારી, નિગમ તથા બોર્ડ માન્ય શહેર તથા ગ્રામીણ વિસ્તારમાં જાહેર શૌચાલય તથા સ્નાનાગહો સ્થાપશે, ચલાવશે તથા વ્યકિતગત શૌચાલય, મુતરડી, સંડાસનું નિર્માણ કરશે. તથા સ્કુલ, જાહેર સંસ્થા ઓફીસમાં શૌચાલયનું સંચાલન તથા સફાઈનું કામ કરશે તથા મરામત કરાવશે તથા એજન્સી મેળવશે.

૧.......... ૨.......... ૩..........

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

## (ઈ) સાંસ્કતિક હેતુઓ :

૧) સદરહું સંસ્થા ધ્વારા નાટકો , જેવા કે ત્રિઅંકી, એકાંકી નાટકો તેમજ ટી.વી. સીરીયલો, ટી.વી. પ્રોગ્રામો કરશે કરાવશે અને સાંસ્કતિક કાર્યક્રમોને લગતી તમામ પ્રવત્તિઓનું આયોજન કરશે.

૨) સદરહું સંસ્થા દ્રારા રાસ ગરબા, નત્ય નાટીકાઓ તેમજ ભરત નાટયમ, આરંગેત્રમ, મણીનત્ય, વેસ્ટર્ન ડાન્સ, લોક નત્ય તેમજ ડાન્સીગ વિગેરેનાં કલાસ શરુ કરશે ચલાવશે નિભાવશે.

૩) સંસ્થા ઈન્ડિયન કલાસીકલ ફિલ્મી – વેસ્ટર્ન પોપ વિગેરેનો વારસો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરશે.

૪) સંસ્થા કલાકારોના ઉત્કર્ષ માટે તેમની પ્રગતિ માટે ઉગતા કલાકારોની સાચી દિશામાં પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરશે.

૫) આ સંસ્થા મ્યુઝિકલ કલાસીસ, વોકલ, વાદ્યસંગીત, વેસ્ટર્ન સંગીતના કલાસની સ્થાપના કરશે.

૬) સદરહું સંસ્થા દ્રારા નાટય ક્ષેત્રે તેમજ ટી.વી. સીરીયલ, ટી.વી. પ્રોગ્રામોમાં રસ લેતાં વિદ્યાર્થીઓનાં બહોળા વિકાસ માટે અને સાંસ્કૃતિક ફેલાવો થાય અને તેમાં લોકોની રુચી વધે તેવા હેતુથી મેગેઝીન, સામાયીક બહાર પાડશે, ઓડિયો વિડીયો ધ્વારા મ્યુઝીકનું જ્ઞાન પુરુ પાડશે. આ અંગે સભા સંમેલનો, શિબિરોનું આયોજન કરશે.

૭) આર્થિક રીતે નબળા કલાકારોને રોટી–કપડાં–મકાન મળી રહે તેવા પ્રયત્નો કરશે.

૮) સદરહું સંસ્થા ધ્વારા એક બીજાના દેશને સાંસ્કતિક કલ્ચરની આપલે થાય તેવાં પ્રયત્નો કરશે કરાવશે અને રજુઆત થાય તેવું આયોજન કરશે.

૯) સદરહું સંસ્થા ધ્વારા નાટય સ્પર્ધાઓ, સંગીત જલસાઓ, હરીફાઈઓ તેમજ સાંસ્કતિક ક્ષેત્રે. જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરશે અને આ અંગે ઈનામ ટ્રોફી વિગેરે આપશે.

૧૦) સદરહું સંસ્થા ધ્વારા ભારતીય સાંસ્કતિનો સાંસ્કતિક વારસો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરશે અને બહોળો પ્રચાર કરશે.

૧૧) ઉપરોકત હેતુઓ બર લાવવા અને તેને આનુસંગીક તમામ પ્રવતિઓ હાથ ધરી શકાશે.

## (ઈ) પર્યાવરણની જાળવણી :

૧) પર્યાવરણની જાળવણી માટે વક્ષારોપણ તથા વનીકરણની પ્રવત્તિઓ હાથ ધરશે તથા તેના વિકાસ માટે બનતા બધા પ્રયત્નો કરશે.

૨) પર્યાવરણને લગતા પ્રશ્નો હલ કરવા તથા પર્યાવરણને બચાવવાનાં કાર્યો હાથ ધરશે.

૩) આયુર્વેદિક વનસ્પતિ તથા કિમતી વક્ષો ઉછેરવા તથા નર્સરી વિકસાવવી.

૪) સમાજને પ્રદૂષણ મુકત કરાવવા જરૂરી તમામ કાર્યો કરવા તથા વધુ વક્ષો વાવવાં.

૫) ઉપરોકત હેતુઓ બર લાવવા તેને આનુષાંગિક તમામ પ્રવત્તિઓ હાથ ધરી શકશે.

૧ ........ ૨ ........ ૩ ........

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

૫. નીચેના નામ સરનામા દર્શાવેલા સભ્યો આ સંસ્થાના કારોબારીના પ્રથમ વખતના સભ્યો રહેશે.

| અનું નં. | નામ–સરનામા | ઉંમર | હોદ્દા | ધંધો |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. વિજય રતીલાલ દવે<br>૧૨, પુષ્પદેવ સોસાયટી,<br>રેડીયો મીર્ચીની સામે, વેજલપુર,<br>અમદાવાદ. ૩૮૦૦૫૧. | પુખ્ત | પ્રમુખ | સમાજસેવા |
| ૨. | ઉમર ગુલામઅલી મન્સુરી<br>૨૯૫૮, નુતન, શાક માર્કેટ પાસે,<br>ઢાલગરવાડ, અમદાવાદ. ૩૮૦૦૦૧ | પુખ્ત | ઉપપ્રમુખ | સમાજસેવા |
| ૩. | ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ<br>૬૮, ટીચર સોસાયટી,<br>સોનલ સીનીમા પાસે,<br>વેજલપુર રોડ, અમદાવાદ–૩૮૦૦૫૫ | પુખ્ત | મંત્રી | સમાજસેવા |
| ૪. | ખાન અમાન સરફરાજ<br>૨૦૧, અલીફ જુબેર, આનંદ પાર્ક,<br>વાંસણા રોડ, વડોદરા. | પુખ્ત | ખજાનચી | સમાજસેવા |
| ૫. | સૈયદ મયુદીન કમરુદીન<br>૫/૬, ગરીબ નવાજ સોસાયટી,<br>વેજલપુર રોડ, અમદાવાદ–૩૮૦૦૫૫ | પુખ્ત | કારો. સભ્ય | સમાજસેવા |
| ૬. | મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક<br>૫–૬૮, દરબારગઢ, વનોદ–૨, તા. –દસાડા,<br>જિ. – સુરેન્દ્રનગર. | પુખ્ત | કારો. સભ્ય | સમાજસેવા |
| ૭. | સિપાઈ રેશ્મા મો. રફીકભાઈ<br>૧૫, બાવા પાર્ક, અલ અતિક સોસાયટી પાસે,<br>વેજલપુર રોડ, અમદાવાદ–૩૮૦૦૫૫ | પુખ્ત | કારો. સભ્ય | સમાજસેવા |

૧. ........................ ૨. ........................ ૩. ........................

For SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE

૬.	નીચે સહી કરનાર સભ્યો સદરહું સંસ્થાને ધી સોસાયટી રજીસ્ટ્રેશન એકટો ૧૮૬૦ મુજબ નોંધાવવા માંગીએ છીએ.

| અનું નં. | નામ | સહી |
|---|---|---|
| ૧. | ડૉ. વિજય રતીલાલ દવે | |
| ૨. | ઉમર ગુલામઅલી મન્સુરી | |
| ૩. | ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ | |
| ૪. | ખાન અમાન સરફરાજ | |
| ૫. | સૈયદ મયુદીન કમરુદીન | |
| ૬. | મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક | |
| ૭. | સિપાઈ રેશ્મા મો. રફીકભાઈ | R.R. Sipai |

ઉપરોકત તમામ સહીઓ મારી રુબરુમાં કરેલ છે.

તા. ૦૧-૧૦-૨૦૧૫.
અમદાવાદ

For, SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE

(૧) સંસ્થાનું નામ : સનત મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ

(૨) સંસ્થાનું સરનામું : ૪, સાબર કોમ્પ્લેક્ષ, ગાંધી કોમ્યુનીટી હોલની સામે, જુહાપુરા, સરખેજ રોડ, સરખેજ,અમદાવાદ.-૩૮૦૦૫૫.

# ધારાધોરણ

૧. સભ્ય પદ:

સમાજની પુખ્તવયની કોઈપણ વ્યકિત નીચે મુજબની ફી ભરેથી અને કારોબારી કમિટિ મંજુર રાખ્યા બાદ સભ્ય બની શકશે.

ક. આજીવન સભ્યો :- રુ ૧૦૧/- કે તેથી વધુ ગમે તેટલી રકમ આપનાર કોઈપણ વ્યકિત આજીવન સભ્ય ગણાશે. તેમણે ભવિષ્યમાં કોઈપણ ફી ભરવાની રહેશે નહી. ફી ભરવા ઉપરાંત નૈતિક મુલ્યોનું પાલન આવશ્યક છે.

ખ. વાર્ષિક સભ્ય :- રૂ. ૫૧/- ફી ની રકમ ભરનાર વ્યકિત વાર્ષિક સભ્યપદ મેળવી શકશે

૨. સામાન્ય સભા :-

૧) તમામ પ્રકારના સભ્યોની બનેલી સભા તે સામાન્ય સભા કહેવાશે.

૨) ૨/૩ ભાગના સભ્યોની લેખીત માંગણીથી સામાન્ય સભા બોલાવી શકાશે. લેખિત માંગણીની અરજીમાં સભા બોલાવવાનાં કારણો જણાવવાનાં રહેશે.

૩) સામાન્ય સભામાં ૩/૫ સભ્યોની હાજરીથી જરુર પડે ધારાધોરણમાં ફેરફાર કરી શકશે. સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ ની જોગવાઈઓમાં ફેરફાર કરી શકશે.

૪) સામાન્ય સભા મળી શકે તેમ ના હોય તો તેવા સંજોગોમાં પત્ર દ્વારા સભ્યોની સંમતી મેળવી વધુ મતે નિર્ણય કરશે. આવા નિર્ણયો સામાન્ય સભાએ કરેલા નિર્ણયો ગણાશે. જે બીજી સામાન્ય સભામાં મંજુર કરાવવાના રહેશે.

૫) સામાન્ય સભાના બધા જ કામો અને નિર્ણય બહુમતીથી કરવામાં આવશે.

૬) સામાન્ય સભા કારોબારી કમીટીની ચુંટણી કરશે. જેની મુદત નોંધણીના પ્રથમ ત્રણ વર્ષની રહેશે. ત્રણ વર્ષ બાદ ખાલી પડેલ જગ્યા ઉપર સામાન્ય સભા ચુંટણી કરી નિમણુંક કરશે. જેમાં આજીવન સભ્યો ચુંટવવાને પત્ર રહેશે.

૭) સામાન્ય સભામાં પુરા થતા વર્ષના હિસાબો તથા આગામી વર્ષનો કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

૮) સામાન્ય સભા બોલાવવા માટે સાત દિવસ અગાઉથી સભ્યોને જાણ કરવામાં આવશે. જે માટે એજન્ડા કાઢવાનો રહેશે. અસામાન્ય સંજોગોમા જરુર પડે ખાસ સામાન્ય સભા બોલાવી શકાશે. અને તે માટે સભ્યોને ત્રણ દિવસ અગાઉથી સભ્યોને જાણ કરવાની રહેશે.

૯) હિસાબોની તપાસણી માટે દર વર્ષે સામાન્ય સભા એક કે એકથી વધુ ઓડીટરોની નિમણુંક કરશે.

૧૦) સામાન્ય રીતે સામાન્ય સભા એક વર્ષમાં એકવાર પણ જરુર પડે. એકથી વધુવાર બોલાવી શકાશે.

૧૧) કોરમના અભાવે મુલતવી રહેલી સભા અડધા કલાક પછી તે જ દિવસે તે જ કામ માટે મળશે અને વગર કોરમે એજન્ડા પ્રમાણેના કામોનો નિકાલ કરશે.

૧ ............ ૨ ............ ૩ ............

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

૩. **<u>કારોબારી કમીટી :</u>**

૧) સામાન્ય સભા પ્રથમ કારોબારીની નોંધણી પછી ૩ વર્ષે માટે કારોબારી કમીટીની નિમણુંક કરશે. સામાન્ય સભા સભ્યોની નિમણુંક માટે ચુંટણી કરશે. તેની કારોબારી કમીટી બનશે.

૨) કારોબારી કમીટીની સંખ્યા ઓછામાં ઓછા ૭ સભ્યો અને વધુમાં વધુ ૧૧ રહેશે.કારોબારી કમીટી હોદ્દેદારોની ચુંટણી કરશે. જેની મુદત પ્રથમ ૩ વર્ષે માટે હોદ્દેદારો તેના તે જ રહેશે

૩) કારોબારી કમીટીમાં ચુંટાયેલા સભ્યો અને હોદ્દેદારોની મુદત દરમ્યાન સભ્યના મૃત્યુ , રાજીનામા કે અન્ય કારણસરે જગ્યા ખાલી પડે તો બાકી રહેતા કારોબારી સભ્યોની નવી ચુંટણી થતા સુધી બહુમતીથી સામાન્ય સભા કરશે. જે મહત્તમ મર્યાદાને આધિન રહીને બહુમતીથી કરવાની રહેશે.

૪) હોદ્દેદારો અને સભ્યોના રાજીનામાં કારોબારી કમીટી મંજુર કરશે. કારોબારી કમીટીના ચુંટાયેલા સભ્યો અને હોદ્દેદારો પૈકી કોઈ સભ્ય કે હોદ્દેદાર મુદત દરમ્યાન રાજીનામું આપે તો રાજીનામું આપના કારોબારી કમીટી હોદ્દેદારને જે મીટીંગમાં રાજીનામું મંજુર કરવાનું હોય તે મીટીંગનાં એજન્ડા જાણ કરવામાં આવશે.

૫) કારોબારી મીટીંગના હોદ્દેદારો પૈકી જો કોઈ હોદ્દેદાર ફક્ત તેના હોદ્દા પરથી રાજીનામું આપે તો કારોબારી કમીટીના હયાત સભ્યો પોતાનામાંથી ગમે તે એક સભ્યની તે હોદ્દા પર બહુમતીથી નિમણુંક કરશે.

૬) કારોબારી કમીટીના હોદ્દેદારોકે સભ્યનુ રાજીનામું મંજુર કરવાવાળી મીટીંગમાં કોઈ સમયે સરખા મત પડે તો પ્રમુખશ્રીને કસ્ટીંગ વોટ આપવાનો અધિકાર રહેશે. પ્રમુખના હોદાનું રાજીનામું મંજુર કરવાની મીટીંગમાં તેમજ નવા પ્રમુખના હોદ્દાની નિમણુક કરવાની મીટીંગમાં સરખા મત પડેતો ઉપપ્રમુખ કાસ્ટીંગ વોટ આપી શકશે. જો ઉપપ્રમુખ પણ આવી મીટીંગમાં હાજર ન હોય અને સરખા મત પડેતો હાજર સભ્યો ચીઠી નાખીને નિર્ણય કરશે.

૭) આ સંસ્થાના રોજીંદા વ્યવહારમાં પ્રમુખ અને મંત્રીના માર્ગદર્શન નીચે કામ કરશે.

૮) નવા સભ્યપદ માટેની અરજીઓ ઉપર વિચારણા કરશે. અને મંજુરી માટેના નિર્ણયો કરશે.

૯) કારોબારી કમીટીની એક વર્ષમાં ઓછામાં ઓછી બે મીટીંગ મળશે.અને આ મીટીંગોની વચ્ચે વધુમાં વધુ છ માસનો ગાળો રહેશે.

૧૦) કારોબારી કમીટીની મીટીંગ મળી શકે તેમ ના હોય તો તેવા સંજોગોમાં પરિપત્રો દ્વારા સભ્યોની સંમતિ મેળવી વધુ મતે નિર્ણયો કરી શકશે.

૧૧) સંસ્થાના જુદા જુદા કર્યો માટે પેટા સમિતિઓ નીમી નવી પ્રવૃતિઓ હાથ ધરશે. અને તેને વિકસાવશે.

૧૨) કારોબારી કમિટિનું કોરમ ૨/૩ સભ્યોની હાજરીથી પુરુ થયેલ ગણાશે. કોરમના અભાવે મુલતવી રહેલી મીટીંગ બીજા કોઈ દિવસ તારીખ સમયે અને. સ્થળે યોજી શકાશે.

૧૩) કારોબારી કમીટીની મીટીંગ બોલાવવા માટે પાંચ દિવસ અગાઉથી સભ્યોને એજન્ડા કાઢી ખબર આપવામાં આવશે.

૧ ........ ૨ ........ ૩ ........

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

૪. પ્રમુખની સત્તા અને ફરજો :

૧) સંસ્થાની તમામ મિલકતના કાયદેસરના વહીવટ કર્તા ગણાશે.

૨) સંસ્થાનો વહીવટ સંભાળવા અને ચલાવવા મંત્રીને જરૂરી સુચના અથવા માર્ગદર્શન આપશે.

૩) સંસ્થાના ઉદેશની સિધ્ધિ અર્થે પ્રવતિઓ ઉપાડવા આયોજન કરશે.

૪) સંસ્થાએ આપેલા અધિકારો મુજબ નાણાંકીય લોન, સહાય મિલકતના દસ્તાવેજો, કરાર વિગેરે કરી શકશે.

૫) કોઈપણ બે ની સંયુકત સહીથી નાંણાકીય વ્યવહારો કરી શકાશે.

૬) સામાન્ય સભા તથા કારોબારી કમીટીના અધિકારો મુજબ તમામ કાર્યો મંજુરીની અપેક્ષાએ કરી શકશે. તેમજ સમયની મર્યાદા સિવાય સામાન્ય સભા તેમજ કારોબારી કમીટીની મીટીંગ બોલાવી શકશે.

૫. ઉપપ્રમુખ :

પ્રમુખે તેમના કામમાં મદદ કરશે. પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખનો હોદ્દો તેમની સત્તા અને ફરજો ભોગવશે.

૬. મંત્રીની સત્તા અને ફરજો :

૧) કારોબારી કમીટી તથા પ્રમુખના આદેશ અને માર્ગદર્શન હેઠળ સંસ્થાનું તમામ કાર્ય કરશે.

૨) સંસ્થાની મિલકતનો વહીવટ કરશે. સંસ્થા વતી પોતાની સહીથી પત્ર વ્યવહાર કરશે.

૩) સંસ્થાના ધ્યેય અને હેતુ મુજબ કારોબારી કમીટી અને પ્રમુખની સુચના અને આદેશ મુજબ પ્રવૃતિઓ હાથ ધરશે અને. તેનુ સુંચાલન કરશે .

૪) સંસ્થાના તમામ હિસાબો રાખશે. ઓડિટ કરાવશે.. તથા સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરશે.

૫) કારોબારી કમીટીએ આપેલા અધિકારો મુજબ નાંણાકીય સહાય, મિલકતો તથા દસ્તાવેજો કરારો વિગેરે કરી શકશે.

૬) કારોબારી કમીટી તથા સામાન્ય સભાની મીટીંગ બોલાવતી અને તેની નોટિસ કઢાવવી અને તેની નોંધ રાખવી.

૭. સહમંત્રીની સત્તા અને ફરજો:

મંત્રીની ગેરહાજરીમાં સહમંત્રીની તમામ સત્તા અને ફરજો બજાવશે. તેમજ સંસ્થાના પ્રમુખ અને મત્રી તરફથી જે સલાહ સુચનો મળે તો તે પ્રમાણે કામ કરવાનું રહેશે.

૮. ખજાનચીના કાર્યો :

સંસ્થાની આવકની પહોંચ આપશે અને ખર્ચના વાઉચરો મેળવશે અને એકાઉન્ટ હિસાબો વ્યવસ્થિત રીતે રાખશે.

૯. બેંક એકાઉન્ટ :

સંસ્થાનું બેંકનું ખાતુ પ્રમુખ, મંત્રી અને ઉપપ્રમુખ/ખજાનચીની સંયુકત સહીથી ખોલાવવામાં આવશે. ત્રણમાંથી કોઈપણ બે ની સંયુક્ત સહીથી નાંણાકીય વ્યવહારો કરી શકાશે.

૧૦. આવકના સાધનો :

સભ્ય ફી, દાન, સહાય, ભેટ, ફંડ, ફાળો, લોકફાળો, લોન, ગ્રાન્ટ વિગેરે.

૧............ ૨............ ૩............

For, SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE

૧૧. હિસાબી વર્ષ :

સંસ્થાનું હિસાબી વર્ષ ૧લી એપ્રીલ થી ૩૧મી માર્ચ આખરનું રહેશે.

૧૨. સંસ્થા તેના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણ અને નિતીનિયમ મુજબ જે વખત અમલમાં હોય તેવી ધી સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ ની કલમને આધીન રહીને કામગીરી અને ફરજો બજાવશે અને જરુરી સુધારા વધારા કરશે.

૧૩. ટ્રસ્ટનાં હેતુ અને વિકાસ અર્થે પ્રમુખ કે મંત્રી ટ્રસ્ટની સ્થાવર મીલ્કત વેચાણ કરી શકશે . પ્રમુખ કે મંત્રી સ્થાવર મીલ્કત ખરીદી કરી શકશે તેમજ ગીરો , લીઝ ડીડ ઉપર આપી શકશે.

૧૪ સંસ્થા બંધ કરવા બાબત :

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ની જોગવાયને આધીન કોઈ અનિવાર્ય સંજોગોના કારણે આ ટ્રસ્ટનું વિસર્જન અથવા બંધ કરવાની જરુરીયાત ઉભી થાય તો તેવા સંજોગોમાં ટ્રસ્ટની મીલકત કોઈપણ ટ્રસ્ટી, સેટલર દાતા અન્ય મેમ્બર અથવા ટ્રસ્ટ બનાવનારને ન મળતા ટ્રસ્ટના દેવા-લેણા અને જવાબદારીઓનો નિકાલ કર્યા બાદ જે સ્થાવર અને જંગમ મિલ્કત બાકી રહે તેની વ્યવસ્થા પ્રવર્તમાન કાયદાને આધીન રહીને આ ટ્રસ્ટનાં હેતુઓ સાથે સુસંગત હોય તેવી કામ કરતી કોઈપણ જાહેર સંસ્થાને સોંપણી કરીને ટ્રસ્ટનું વિસર્જન અથવા બંધ કરી શકશે. આ બાબતે જરુર જણાયે ટ્રસ્ટ કાયદાને આધીન રહીને ચેરીટી કમિશ્નરશ્રીની મંજુરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

સંસ્થાની કારોબારી કમીટીના સભ્યો બહુમતીથી ઠરાવ કરીને કાયદાને આધિન રહીને આ ટ્રસ્ટ બંધ કરી શકશે. આ સંસ્થાના દેવા, લેણા અને જવાબદારીઓના નિકાલ કર્યા બાદ જે સ્થાવર તથા જંગમ મિલકત બાકી રહેશે તે આવા જ હેતુઓ ધરાવતી સંસ્થાને ચેરીટી કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મેળવીને સોંપવામાં આવશે .

અમો નીચે જણાવેલ આથી દાખલો આપીએ છીએ કે આ ધારાધોરણની અસલ ઉપરથી ખરી નકલ છે.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૦૧- ૧૦-૨૦૧૫.

સહીઓ:- ૧.) ..........

૨) ..........

૩) ..........

ઉપરોકત તમામ સહીઓ મારી રુબરુ કરેલ છે.

..........

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

# સંમતિ પત્રક

(૧) સંસ્થાનું નામ : સનત મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ

(૨) સંસ્થાનું સરનામું : ૪, સાબર કોમ્પ્લેક્ષ, ગાંધી કોમ્યુનીટી હોલની સામે,
જુહાપુરા, સરખેજ રોડ, સરખેજ,અમદાવાદ.–૩૮૦૦૫૫.

ઉપર જણાવેલ સંસ્થાને સાર્વજનીક ટ્રસ્ટ તરીકે નોંધાવવા સારુ અમો પૈકી ડૉ. વિજય રતીલાલ દવે એ નોંધણી અરજી કરી છે તે અરજીમાં જણાવ્યા મુજબ ઉપર જણાવેલ સંસ્થાને સાર્વજનીક ટ્રસ્ટ તરીકે નોંધાવવામાં આવે તો તેમાં અમો સહમત છીએ અને તેની નોંધણી કરાવવા માટે અમારી તપાસણીની નોટીસની જરૂર નથી અને તે જતી કરીએ છીએ અને મુંબઈ સાર્વજનીક ટ્રસ્ટોનાં અધિનિયમ ૧૯૫૦ની જોગવાઈઓ મુજબ ટ્રસ્ટીઓની તમામ જવાબોદારીઓ અમો સ્વીકારીએ છીએ અને આ બાબતની નીચે અમોએ સહીઓ કરી છે. તેમજ ટ્રસ્ટીના ખરાઈપણા માટે અમારા ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણી કાર્ડ, સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓના ઓળખકાર્ડની પ્રમાણીત ઝેરોક્ષ નકલો રજુ કરીએ છીએ અને જરુરત જણાયે અસલ ઓળખકાર્ડ ચકાસણી અર્થે રજુ કરવા સંમતિ આપીએ છીએ.

આથી આ ટ્રસ્ટને સાર્વજનીક ટ્રસ્ટ તરીકે નોંધણી કરી નોંધણીનો દાખલો આપવા વિનંતી છે.

ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧ મી માર્ચ આખરનું રહેશે.

| ક્રમ | ટ્રસ્ટી મંડળ/કારોબારી સભ્યનું નામ | ટ્રસ્ટીના ખરાપણા અંગે રજુ કરેલ આધારનું નામ | સહીઓ |
|---|---|---|---|
| ૧. | ડૉ. વિજય રતીલાલ દવે | | |
| ૨. | ઉમર ગુલામઅલી મન્સુરી | | |
| ૩. | ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ | | |
| ૪. | ખાન અમાન સરફરાજ | | |
| ૫. | સૈયદ મયુદીન કમરુદીન | | |
| ૬. | મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક | | |
| ૭. | સિપાઈ રેશ્મા મો. રફીકભાઈ | | R. R. Sipai |

ઉપરોકત તમામ સહીઓ મારી રુબરુમાં કરેલ છે.

તા. ૦૧–૧૦–૨૦૧૫.
અમદાવાદ.

For, SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE

એજન્ડા તા ૨૧-૯-૨૦૧૫

આજ રોજ એજન્ડા કાઢી જણાવવામાં આવે છે કે તા ૧-૧૦-૨૦૧૫ના રોજ સભા સાંજનાં ૫-૦૦ કલાકે ઠે.-૪, સાબર કોમ્પ્લેક્ષ, ગાંધી કોમ્યુનીટી હોલની સામે, જુહાપુરા, સરખેજ રોડ, સરખેજ,અમદાવાદ ખાતે બોલાવવામાં આવેલ. તેમા ચર્ચાનાં મુદ્દાઓ નીચે મુજબ છે.

૧) ટ્રસ્ટનું મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણ/ ડીડ/ બંધારણ ઘડવાં.

૨) ટ્રસ્ટનું નામ રાખવા.

૩) કારોબારી કમીટી/ નિયામક મંડળ/ ટ્રસ્ટી મંડળની નિમણૂંક કરવા.

૪) બીજા અન્ય કોઈ મુદ્દા ઉભા થાય તે

Vijay Dave
__________

૧. ડૉ. વિજય રતીલાલ દવે ________ Vijay Dave

૨. ઉમર ગુલામઅલી મન્સુરી ________ Umar G. Mansuri

૩. ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ ________

૪. ખાન અમાન સરફરાજ ________

૫. સૈયદ મયુદીન કમરુદીન ________

૬. મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક________ Smalik

૭. સિપાઈ રેશમા મો. રફીકભાઈ ________ R. R. Sipai

For, SANAT MEHTA CHARITABLE TRUST

TRUSTEE

# જનરલ સભાના ઠરાવ

ટ્રસ્ટના સભ્યોને અગાઉથી રુબરુમાં જાણ કર્યા મુજબ આજ તા. ૧-૧૦-૨૦૧૫ના રોજ સાંજે ૫-૦૦ કલાક ઠે.-૪, સાબર કોમ્પ્લેક્ષ, ગાંધી કોમ્યુનીટી હોલની સામે,જુહાપુરા, સરખેજ રોડ, સરખેજ,અમદાવાદટ્રસ્ટની ઓફીસમાં સભ્યોની જનરલ સભા મળી . સભામાં નીચે સહી કરનાર સભ્યો હાજર રહયા સભાનું પ્રમુખ સ્થાન વિજયભાઈ રતીલાલ દવેએ સંભાળ્યુ. સભામાં ટ્રસ્ટની સ્થાપના કરવા બાબતે ચર્ચા કરવામાં આવી ચર્ચાને અંતે નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧ :

ટ્રસ્ટના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણનો મુસદ્દો પ્રમુખ સ્થાનેથી વાંચી સંભળાવવામાં આવ્યો તે સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે અને ટ્રસ્ટનું નામ "સનત મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ " સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં. ૨

ટ્રસ્ટનાં ધારાધોરણ મુજબ પ્રથમ કારોબારી સમિતિ/ટ્રસ્ટી મંડળની નિમણુંક સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવે છે.

૧. ડૉ. વિજય રતીલાલ દવે
૨. ઉમર ગુલામઅલી મન્સુરી
૩. ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ
૪. ખાન અમાન સરફરાજ
૫. સૈયદ મયુદીન કમરુદીન
૬. મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક
૭. સિપાઈ રેશ્મા મો. રફીકભાઈ

ઠરાવનં. ૩ કારોબારી સમિતિ/ટ્રસ્ટીની મીટીંગ અડધા કલાક પછી મળવાનું નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

| સભામાં હાજર સભ્યોની | | સહી |
|---|---|---|
| ૧. | ડૉ. વિજય રતીલાલ દવે | Vijay Dave |
| ૨. | ઉમર ગુલામઅલી મન્સુરી | [signature] |
| ૩. | ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ | [signature] |
| ૪. | ખાન અમાન સરફરાજ | [signature] |
| ૫. | સૈયદ મયુદીન કમરુદીન | [signature] |
| ૬. | મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક | Malik |
| ૭. | સિપાઈ રેશ્મા મો. રફીકભાઈ | R. R. sipai |

ઉપરોકત તમામ સહીઓ મારી રુબરુમાં કરેલ છે.

તા. ૦૧-૧૦-૨૦૧૫.
અમદાવાદ.

Vijay Dave

For, SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE

# કારોબારીસમિતિ/ ટ્રસ્ટી મંડળની મીટીંગના ઠરાવ

અગાઉથી રુબરુમાં જાણ કર્યા મુજબ કારોબારી સમિતિ/ ટ્રસ્ટી મંડળની મીટીંગ આજે તા. ૧-૧૦-૨૦૧૫ના રોજ સાંવે ૭-૦૦ કલાકે ટ્રસ્ટની ઓફીસમાં મળી. સભામાં નીચે સહી કરનાર સભ્યો /ટ્રસ્ટીઓ હાજર રહયા. મીટીંગનું પ્રમુખ સ્થાન ડૉ. વિજય રતીલાલ દવ એ સંભાળ્યુ.

ઠરાવ નં. ૧

ટ્રસ્ટના ધારાધોરણ મુજબ કારોબારી સમિતિના /ટ્રસ્ટી મંડળના હોદ્દેદારોની નિમણુંક નીચે મુજબ સર્વાનુમતે કરવામાં આવે છે.

૧. ડૉ. વિજય રતીલાલ દવ -પ્રમુખ

૨. ઉમર ગુલામઅલી મન્સુરી -મંત્રી

૩. ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ -ખજાનચી

ઠરાવ નં. ૨ સદરહું ટ્રસ્ટને નોંધવવા માટે કાર્યવાહી કરવાની તમામ સત્તા પ્રમુખ ડૉ. વિજય રતીલાલ દવેને સર્વાનુમતે આપવામાં આવે છે.

સભામાં હાજર સભ્યોની સહી :

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. વિજય રતીલાલ દવે | Vijay Dave |
| ૨. | ઉમર ગુલામઅલી મન્સુરી | Umar G. Mansuri |
| ૩. | ફકીર ઝહુરઅહેમદ ઈબ્રાહીમભાઈ | [signature] |
| ૪. | ખાન અમાન સરફરાજ | [signature] |
| ૫. | સૈયદ મયુદીન કમરુદીન | [signature] |
| ૬. | મ.સુફીયાનખાન અબ્દુલજબ્બારખાનજી મલીક | Smalek |
| ૭. | સિપાઈ રેશ્મા મો. રફીકભાઈ | R. R. Sipai |

ઉપરોકત તમામ સહીઓ મારી રુબરુમાં કરેલ છે.

તા. ૦૧-૧૦-૨૦૧૫.
અમદાવાદ.

Vijay Dave

For, SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE

ડૉ. વિજય રતીલાલ દવે
૧૨, પુષ્પદેવ સોસાયટી,
રેડીયો મીર્ચીની સામે,
વેજલપુર,
અમદાવાદ. ૩૮૦૦૫૧.

તા. - -૨૦૧૫

પ્રતિશ્રી,
સોસાયટી રજીસ્ટાર સાહેબ,
અમદાવાદ/ ગાંધીનગર/ભાવનગર

વિષય : સનત મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
ની સોસાયટી રજી. એકટ, ૧૮૬૦ મુજબની નોંધણી
કરાવવા બાબતે.

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે વિષયમાં જણાવેલ ટ્રસ્ટની નોંધણી સોસાયટી રજી. એકટ , ૧૮૬૦ મુજબ નોધણી કરાવવા માંગીએ છીએ. અમોએ આ અરજી કરેલ છે. આ સાથે મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણની તેમજ ઠરાવની કોપી સામેલ છે. અમો નોંધણી ફી રૂ. ૫૦/– ભરેલ છે.

Vijay Dave
---

For, SANAT MEHTA CHARITABLE TRUST
TRUSTEE